Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# —: એકેડેમિક કાઉન્સિલ :—

## —: કાર્યસૂચિ – ૨ :—

**તા. : ૧૨–૧૦–૨૦૨૧**
**વાર : મંગળવાર**

**સમય : સવારે ૧૧ :૩૦ કલાકે**

(૬) યુનિવર્સિટી સંલગ્ન દરેક લો કોલેજનો ટાઈમ સમાન કરવા બાબતે ડિપાર્ટમેન્ટ ઓફ લોના કો–ઓર્ડિનેટરશ્રીના તા. ૨૫/૦૬/૨૦૨૧ના પત્ર અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૭)થી બાર કાઉન્સિલની આધારભૂત માર્ગદર્શિકા રજૂ કરવા ઠરાવેલ હોય તે ઠરાવ અંતર્ગત સદરહું બાબતે ડિપાર્ટમેન્ટ ઓફ લો ના કો–ઓર્ડિનેટરશ્રીએ,"યુનિવર્સિટી સંલગ્ન દરેક લો કોલેજનો ટાઈમ ૮:૦૦ am થી ૭:૦૦ pm સુધીનો રાખવા માટે ભારતીય વિધિજ્ઞ પરિષદ(BCI)માં તા.03-FEB-2014BCI: D: 97: 2014(LE:Circular No.2/ 20014)માં મુદા નંબર ૭(S)માં આપવામાં આવેલ છે."જેની માર્ગદર્શિકા રજૂ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૨)
(સિન્ડિકેટ વિભાગ)

(૭) તા.૧૦–૦૮–૨૦૨૧ નાં રોજ મળેલ IQACની સભાનો ઠરાવ ક્રમાંક:૧૦નો પાઠ નીચે મુજબ છે. જે અવલોકનમાં લેવા વિનંતી.

To get membership of web of science/Scopus in the university library.

**IQAC Resolved to get membership of Web of Science and SCOPUS. After discussing the status of availability of e-resources in the library with librarian (I/C), the IQAC also resolved to renew the subscription of all e-journals which were available earlier for the access in the university. In addition to these the IQAC also resolved to subscribe for "British Library" and to avail Easy Proxy for the remote access of e-resources availed the university.**

ઉપરોક્ત ઠરાવ અંતર્ગત યુનિવર્સિટી ગ્રંથાલયને પ્રાપ્ત થયેલ **Proforma Invoice/ Quotation** ની વિગત નીચે મુજબ છે.

| Sr. No. | Name of e-resources | Particulars | Amount |
|---|---|---|---|
| 1 | British Council Library | Numbers of Membership<br>Less than 50<br>50 to 1000<br>Above 1000 | <br><br>1800 per User<br>1600 per User<br>1400 per User |
| 2 | indiastat | (5000 Data Tables) | 1,02,692 with GST |
| 3 | SCOPOUS | New Recommending Govt. University | $ 22063(Dollar) Approx in Rs.16,27,808 |
| 4 | SPSS<br>1. IBM SPSS Base Module Version 28.0<br>2. IBM SPSS Advanced Statistics<br>3. IBM SPSS Regression | <br>Number of User 10 Rs.1,13,338<br>Number of User 10 Rs.62,938<br>Number of User 10 Rs. 62,938 | 2,82,273 with GST |

| | | | |
|---|---|---|---|
| 5 | Emerald e-journals Marketing Collection | 23 Title (20500 Article) | 3,60,787=50<br>No GST |
| 6 | Sage Research Method<br>Sage Research Method : Case -2<br>Sage Research Method : Case -1 | $ 10150<br>$ 1448.40<br>$ 547.50 | 11,16,475=11<br>with GST |
| 7 | Economic Outlook (IP) | CMIE | 3,08,688<br>with GST |
| 8 | Web of Science | | |
| 9 | ACM Digital Library | $ 9443.54<br>(Dollar with GST) | 19,00,000+GST<br>Approx in<br>Rs.6,69,744 |
| 10 | IEEE ASPP+POP (Combo Package) | **A request is already sent but not received proforma invoice yet.** | |
| 11 | J-Gate Complete | J-Gate Complete Set | 2,78,775<br>with GST |
| 12 | India Business Insight | - | 88,500<br>with GST |

ઉપરોક્ત **e-resources** ના **Subscriptions** ભરવા માટેનો અંદાજીત ખર્ચ રૂ.૭૦,૭૯,૫૪૨/– જેટલો થવા જશે. હાલમાં યુનિવર્સિટી ગ્રંથાલય માટે **e-resources** ના **Subscriptions** ભરવા માટે યુનિવર્સિટીના બજેટમાં કોઈ નાંણાકીય જોગવાઈ કરવામાં આવેલ નથી. પ્રસ્તુ હકીકત ધ્યાને લઈ **e-resources** ના **Subscriptions** ભરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુનિવર્સિટી ગ્રંથાલય)

(૮) સદર વિદ્યાર્થી યોગેશ ટી.રોકડેની સેમેસ્ટર – ૫ ની સને ૨૦૧૧ માટેની તારીખ ૨૦–૦૯–૨૦૨૧ની અરજીમાં જણાવ્યા મુજબ સને ૨૦૧૧ માં એડમિશન લીધેલ હતું અને સેમેસ્ટર –૬ પૂર્ણ થયેલ છે પણ સેમેસ્ટર – ૫ માં નાપાસ છે તો તેમને સેમેસ્ટર – ૫ પૂર્ણ કરવા માટે વધુ એક તકની માંગણી કરેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.
નોંધ : પરીક્ષા વિભાગની કોમર્સ બ્રાન્ચની તા.૩૦–૦૯–૨૦૨૧ અંગેની નોંધ સામેલ છે.

(પરીક્ષા વિભાગ/કોમર્સ બ્રાન્ચ)

(૯) જયદીપ મેમોરીયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, વેસુ, સુરત સંચાલિત શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, પરવટ ગામ, સુરતમાં અંગ્રેજી અને ઈતિહાસ મુખ્ય વિષય તરીકે અને ફરજિયાત વિષય તરીકે મનોવિજ્ઞાન(સ્વનિર્ભર)નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧–૦૬–૨૦૨૧ નાં રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંક: (૦૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એ.(અંગ્રેજી અને ઈતિહાસ મુખ્ય વિષય તરીકે અને ગૌણ વિષય તરીકે મનોવિજ્ઞાન)(સ્વનિર્ભર) | નવું જોડાણ | તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨ (એક વર્ષ) |

**<u>શરતો :</u>**

૧. યુનિ.ના નિયમાનુસાર પ્રિન્સિપાલ અને જુદા જુદા વિષયના જરૂરી અધ્યાપકોની નિમણૂંક કરવી અને તેમની યુનિવર્સિટી પાસે માન્યતા મેળવવી.

૨. લાયબ્રેરીમાં અંગ્રેજી, ઈતિહાસ અને મનોવિજ્ઞાનના જરૂરી પુસ્તકો અને રેફરનન્સ બૂક વસાવવી.
૩. લાયબ્રેરીમાં SOUL-02 સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવું.
૪. ગ્રંથપાલની નિમણૂંક કરવી.
૫. P.T.I. અધ્યાપકની નિમણૂંક કરવી.
૬. નોન ટીચિંગ સ્ટાફની પૂરતા પ્રમાણમાં નિમણૂંક કરવી.
૭. યુનિ.ના 69A તથા 69B અને યુનિવર્સિટીના તમામ નિયમો અને ધારાધોરણોનું પાલન કરવાનું રહેશે.

**નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો**

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.
૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો )
૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.
૪. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.
૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.
૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.
૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.
૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.
૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

(નોંધ : **NEED** કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

**(બિડાણ : ૩)**
**(સિન્ડિકેટ વિભાગ)**

(૧૦) NCC ના Commanding Officer શ્રી રિષીકેશ સોનીના તા. ૦૬/૧૦/૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે NCC ને Elective Subject તરીકે દાખલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(બિડાણ : ૪)**
**(સિન્ડિકેટ વિભાગ)**

(૧૧) જુલાઈ–૨૦૨૧માં લેવાયેલ ટી.વાય.બી.એ સમેસ્ટર–૬ના પરીક્ષા બેઠક નંબર–૧૦૨૭૭ અને ૦૭ નાં પરિણામ અંગે એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતની અરજીને આધારે બી.એ. સેમેસ્ટર–૬ બેઠક નંબર–૧૦૨૭૭ અને ૦૭ નાં વિદ્યાર્થીએ સાયકોલોજી પ્રાયોગિક પરીક્ષામાં

ગેરહાજર અને શૂન્ય માર્કસ પરીણામમાં જાહેર થયેલ હતા, પરંતુ વિદ્યાર્થીએ પ્રાયોગિક પરીક્ષા એમ.ટી.બી આર્ટસ કોલેજ, સુરત ને બદલે અન્ય કોલેજમાં આપેલ છે અને તમામ રેકોર્ડની ચકાસણી કરતા બેઠક નંબર–૧૦૫૬૫ શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ વિદ્યાર્થીએ પણ અન્ય કોલેજમાં પરીક્ષા આપેલ હતી. સદર વિદ્યાર્થીનું પણ સાયકોલોજી પ્રાયોગિક પરીક્ષા બીજી અન્ય કોલેજમાં આપેલ હોવાથી પરીણામમાં શુન્ય માર્ક્સ જાહેર થયેલ છે.

સદર વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ પર પરીક્ષા આપેલ હોવાથી તેમના પ્રાયોગિક માર્કસ જે તે કોલેજે ઓનલાઈનમાં ગેરહાજર અને શૂન્ય એન્ટર કરેલ છે. જેથી બેઠક નંબર–૦૭, ૧૦૨૭૭, ૧૦૫૬૫ નાં પરિણામમાં સદર વિષયમાં ABSENT (ગેરહાજર) અને શૂન્ય માર્કસ આવેલ છે, તે પરિણામમાં અન્ય સેન્ટર પર આપેલ પ્રાયોગિક પરીક્ષાના માર્કસ જાહેર થયેલ પરિણામની ગણતરીમાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/આર્ટસ ફેકલ્ટી)

**(૧૨) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૧૫૨૯૬/૨૦૨૧**
**તા. ૦૮/૧૦/૨૦૨૧**

**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**